## <u>ફોજદારી કેસ નંબર–૨૨૭૬ /૨૦૨૦</u>

## <u>આંક : ૦૧ લગત હુકમ</u>

૧. હાલની ફરીયાદ ખેતીવાડી અધિકારી વાય. આર. ગઢવીનાઓએ રાસાયણીક ખાતર હુકમ ૧૯૮૫ ના ખંડ–૧૯(એ) ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ ના ખંડ–૭(૧) (અ) (૨) ના આક્ષેપીત ગુન્હા સબબ ખાનગી સ્વરૂપની ફરીયાદ દાખલ કરતા આરોપીઓ સામે સમન્સ કાઢવાનો હુકમ કરવામા આવેલ.

૨. આરોપીઓને સમન્સની બજવણી થતા તેઓ તેમના વિ. વ. શ્રી મારફતે સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી દરમીયાન હાજર રહેલ. આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ ના ખંડ–૭(૧) (અ) (૨) ના આક્ષેપીત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતા સદરહું ફરીયાદ વોરંટ ટ્રાયેબલ હોય અને ખાનગી સ્વરૂપની ફરીયાદ હોય જેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડ પ્રકરણ–૧૯ ના ખંડ–ખ મા જણાવેલ પ્રક્રીયા મુજબ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૪ મુજબ સદરહું કેસ ફરીયાદપક્ષના પુરાવા માટે મુકરર કરવામા આવેલ.

૩. ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૪(૧) મુજબ ફરીયાદીનો મૌખીક પુરાવો આંક : ૧૯ થી રજુ કરવામા આવેલ અને જે મૌખીક પુરાવા દરમીયાન આંક : ૨૧ થી ૪૦ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ. ફરીયાદીના આંક : ૧૯ નો સરતપાસનો પુરાવો આરોપી તરફે ઉલટ તપાસ દરમીયાન પડકારવામા આવેલ છે.

૪. ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી સી. ડી. પરમાર તથા આરોપી પક્ષે વિ. વ. શ્રી આર. વી. શર્માની દલીલો સાંભળી. ફરીયાદ તરફે વિ. એ. પી. પી. શ્રીની રજુઆત ધ્યાને લેતા ફરીયાદપક્ષે આ કામે ફરીયાદીનો મૌખીક પુરાવો આંક : ૧૯ થી રજુ કરવામા આવેલ અને જે મૌખીક પુરાવા દરમીયાન આંક : ૨૧ થી ૪૦ સુધી દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આરોપીઓએ રાસાયણીક ખાતર હુકમ ૧૯૮૫ ના ખંડ–૧૯(એ) ના ભંગ કરેલ હોવાનુ અને આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ ના ખંડ–૭(૧) (અ) (૨) ના આક્ષેપીત ગુન્હો કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે ફલીત થતુ હોય અને રાસાયણીક ખાતર આવશ્યક ચીજ વસ્તુધારાની કલમ–૨(એ)ના શીડયુલમા પડતુ હોય અને આ કામે આંક : ૨૫ થી કસુરદારને નોટીસ આપવામા આવેલ તેમ છતાં ઠરાવેલ સમયમર્યાદામા કબજે કરવામા આવેલ નમુનાનુ રીએનાલીસ કરવા માગતા હોવાનુ જાહેર

કરેલ ન હોય જેથી આ કામે આંક : ર૪ થી રજુ કરવામા આવેલ પૃથ્થકરણ અહેવાલ ધ્યાને લેતા કબજે કરવામા આવેલ ઝીંક સલ્ફેટ સ્ટાન્ડર્ડ નમુનામા ન હોવાનુ ફલીત થતુ હોય જેથી આરોપીઓ સામે તહોમતનામુ ઘડી શકાય તેટલા પુરાવા રેકર્ડ પર આવેલ હોય જેથી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૪૬(૧) મુજબ તહોમતનામુ ઘડવા વિનંતી કરેલ છે.

આરોપી તરફે વિ. વ. શ્રીની રજુઆત ધ્યાને લેતા ફરીયાદીની ઉલટ તપાસ દરમીયાન રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતા આરોપીઓએ રાસાયણીક ખાતર હુકમ ૧૯૮પ ના ખંડ–૧૯(એ) ના ભંગ કરેલ હોવાનુ ફલીત થતુ ન હોય જેથી આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯પપ ના ખંડ–૭(૧) (અ) (ર) ના આક્ષેપીત ગુન્હો આરોપીઓએ કરેલ હોવાનુ કોઈ પ્રથમ દર્શનીય પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ ન હોય જેથી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૪૬(૧) મુજબ તહોમતનામુ ઘડી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય જેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૪પ મુજબ તહોમતદારને બીનતહોમત છોડી મુકવા વિનંતી કરેલ છે.

પ. અત્રે જણાવવું આવશ્યક છે કે આરોપી સામે આક્ષેપીત ગુન્હા સબબ તહોમતનામુ ઘડી શકાય તેટલો પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ છે કે કેમ તે હકીકત અને પુરાવો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૪૬(૧) ના તબકકે ધ્યાને લેવાનો રહે છે. ફરીયાદપક્ષના કેસ અને રજુ પુરાવા ધ્યાને લેતા ઝીંક સલ્ફેટ મોનોહાઈડ્રેટ રાસાયણીક ખાતરની ઠરાવેલ માત્રા ઝેડએન ૩૩% જયારે એસ ૧પ% હોવી જોઈએ અને જે સંદર્ભે આંક : ર૪ થી રજુ પૃથ્થકરણ અહેવાલ ધ્યાને લેતા ઝીંક સલ્ફેટ મોનોહાઈડ્રેટ રાસાયણીક ખાતરની ઠરાવેલ માત્રા ઝેડએન ૩૩% કરતા ૩૦.૧૩% આવેલ હોવાનુ ફલીત થતુ હોય જેથી પ્રથમ દર્શનીય રીતે નમુનો ઠરાવેલ માત્રામા ન હોવાનુ ફલીત થાય છે. વધુમાં, રાસાયણીક ખાતર આવશ્યક ચીજ વસ્તુધારાની કલમ–ર(એ) ના શીડયુલમાં સમાવીષ્ટ થયેલ હોય જેથી રાસાયણીક ખાતર હુકમ ૧૯૮પ ના ખંડ–૧૯(એ) નો ભંગ થયેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે. આ તબકકે ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતા તકરારી નમુનો ફરીયાદી ધ્વારા આરોપી નંબર–૧, ર પાસેથી કબજે કરેલ ન હોવાની કોઈ તકરાર ઉઠાવેલ નથી અને કબજે કરવામા આવેલ ઝીંક સલ્ફેટ મોનોહાઈડ્રેટનો નમુનો ઠરાવેલ માત્રાના સ્ટાન્ડર્ડમા હોવાનુ આરોપી તરફે કોઈ તકરાર લીધેલ ન હોય જેથી રેકર્ડ પર આવેલ પુરાવો

ધ્યાને લેતા આરોપી સામે આક્ષેપીત ગુન્હાનુ તહોમતનામુ ઘડી શકાય તેટલો પ્રથમ દર્શનીય પુરાવો રેકર્ડ પર આવેલ હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૪ લગત રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપીઓએ રાસાયણીક ખાતર હુકમ ૧૯૮૫ ના ખંડ–૧૯(એ) ના ભંગ બદલ આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ ના ખંડ–૭(૧) (અ) (૨) ના આક્ષેપીત ગુન્હા સબબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૬(૧) મુજબ આક્ષેપીત ગુન્હા સંબંધે તહોમતનામુ ઘડવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ : ૧૨મી, માહે : ડીસેમ્બર, સને : ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : હિંમતનગર, સાબરકાંઠા.
તારીખ : ૧૨/૧૨/૨૦૨૪.

**( એમ. આઈ. એન. શેખ )**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
હિંમતનગર, સાબરકાંઠા.
જજ કોડ – જીજે૦૧૩૨૭